# બેસ્ટ એડમીનીસ્ટ્રેટર ઓફ જામનગર ના એવોર્ડથી સન્માનિત થતા

## શ્રી રમણીકલાલ શાહ

અહેવાલ : વ્યોમેશ એમ. વૈદ્ય



તાજેતરમાં ભારતમાં સૌથી ઝડપથી વિકાસ થઈ રહેલ મીડીયા હાઉસ દિવ્યભાસ્કર દ્વારા તા. ૧૧/૫/૨૦૧૯ નાં રોજ દિવ્ય ભાસ્કર EMINENCE AWARDS – 2019 અંતર્ગત ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી રમણીકલાલ કે. શાહ ને બેસ્ટ એડમીનીસ્ટ્રેટર ઓફ જામનગર નાં ટાઈટલ નીચે તેમને માનનીય કેબીનેટ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા– શિક્ષણ વિભાગ – ગુજરાત રાજય દ્વારા સન્માનિત કરવામાં આવેલ છે.

આ સમાચાર થી જામનગર શહેરની પ્રજા, ઓશવાળ સમાજ અને ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સર્વે શૈક્ષણિક સંસ્થાઓ નાં ચેરમેનશ્રી, ટ્રસ્ટીશ્રીઓ, એડવાઈઝરી બોર્ડનાં સભ્યશ્રીઓ, મેનેજમેન્ટ કમિટીનાં સભ્યશ્રીઓ તથા સમગ્ર સ્ટાફ ગૌરવ અનુભવી આનંદની લાગણી વ્યકત કરી શ્રી રમણીકભાઈને પ્રતિષ્ઠિત એવોર્ડ મળવા બદલ હાર્દિક અભિનંદન પાઠવે છે.

તા. ૧૮/૫/૨૦૧૯ નાં રોજ ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટનાં ટ્રસ્ટી મંડળની મીટીંગમાં ચેરમેનશ્રી કાંતિભાઈ હરિઆના હસ્તે તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા. જે પ્રસંગે ટ્રસ્ટનાં અન્ય ટ્રસ્ટીશ્રીઓ માનદ મંત્રીશ્રી ચંદુલાલ શાહ ટ્રસ્ટીશ્રીઓ શ્રી મોહનભાઈ ગોસરાણી, શ્રી કેશવજી મેઘજી ગોસરાણી તેમજ શ્રી ભરતેષ કે. શાહે અભિનંદન પાઠવી તેમનાં દિર્ઘાયુષની પ્રાર્થના કરી અને શ્રી રમણીકભાઈ શ્રેષ્ઠતાના ઉચ્ચતમ શિખરો સર કરે તેવી અભ્યર્થના વ્યકત કરેલ હતી. સામેલ ફોટો માં ટ્રસ્ટીશ્રીઓ તેમને સન્માનિત કરતા દ્રષ્ટિગોચર થાય છે.

શ્રી એલ. જી. હરિઆ સ્કૂલ અને હરિઆ ગ્લોબલ સ્કૂલ ની મેનેજમેન્ટ કમીટી સભ્યશ્રીઓની મીટીંગ માં પણ આ સમાચાર થી સભ્યશ્રીઓ ગૌરન્વાવીત થયેલ હતા અને શ્રી રમણીકભાઈ ને શુભેચ્છા પાઠવેલ હતી.